Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-12, Issue-2, September-2018

# ખાદીનો પુનર્જન્મ અને બઢિયા પરિવાર

મુકેશકુમાર પી. આહિર
વિદ્યાવાચસ્પતિ સંશોધક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

સારાંશ:

૧૮૧૩ ના બ્રિટિશ ગવરમેંટના ચાર્ટર એક્ટથી ભારતમાં કંપની સરકારનો વેપાર પરનો એકાધિકાર સમાપ્ત થતાં ભારત મુક્ત વેપારનું સંસ્થાન બન્યું જેનાથી ઢગલાબંધ વિદેશી વ્યાપારીઓ ભારતમાં વેપારર્થે આવ્યા, જેથી ભારતનું સુતરાઉ કાપડનું મોટું બજાર પડી ભાંગ્યું. ગાંધીજીના આગમન સુધીમાં તો ગુજરાતમાંથી રેંટિયો લુપ્ત થઈ ગયો હતો, અને વણાટ માટે મિલનું સૂતર વપરાવા લાગ્યું હતું એટલે ગાંધીજી સ્વદેશી મૂવમેંટ માટે સૂતરાઉ કાપડના ઉદ્યોગને પુનરજીવન આપવા માંગતા હતા, જે અંતર્ગત રામજીભાઇ સાથે ગાંધીજીની મુલાકાત થતાં હાથવણાટનું સૂતર વણવાની ફરીથી શરૂઆત ૨૦મી સદીમાં થઈ હતી. આ પ્રક્રિયા ભારતની આઝાદીની લડતમાં અને રચનાત્મક પ્રવૃતિમાં એક મહત્વનુ પરિબળ ગણાય છે તો પ્રસ્તુત સંશોધનલેખમાં આ પ્રક્રિયાનો ઇતિહાસ અને તેના પાયાના કાર્યકર રામજીભાઇ બઢિયાના પ્રદાનને પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

ચાવીરૂપ શબ્દો: હાથવણાટ,રચનાત્મક પ્રવૃતિ, ખાદી વણાટ,

## પ્રસ્તાવના

મહાત્મા ગાંધીએ પોતાની હિન્દ સ્વરાજ પુસ્તકમાં ભારત કેમ ગુલામ બન્યું તેના કારણોની તાર્કિક છણાવટ કરતાં કહે છે કે ભારતના કરોડો લોકોને રોજગારી પૂરી પાડતો વ્યવસાય એટલે વણાટકામ અને તેની સાથે સંકળાયેલા અન્ય ગૃહઉદ્યોગોનો આપણાં દ્વારા ફેશન અને સસ્તા કાપડની ગેલછામાં જાતે કરેલો વિનાસ હતું. એ વિનાસના પગલે ભારત ગુલામ બન્યું એટલે સ્વાભાવિક છે કે જો બધુ પહેલાના જેમ ચાલતું થઈ જાય એટલેકે વણાટકામને પુનર્જન્મ આપવામાં આવે અને સ્વદેશીનો મંત્ર સ્વીકારાય તો ગાંધીજીના મતે સ્વરાજ મેળવવું ખૂબ સહેલું છે. માટે બાપુ ભારતમાં પાછા ફરે છે કે તરતજ તેમણે રેંટિયાની શોધ શરૂ કરી દીધી હતી અને તેમાં સફળતા મળ્યા બાદ તેમણે સાળ માટેની શોધ આરંભી હતી જે રામજીભાઈના મળવાથી પૂર્ણ થઈ હતી. આમ ૧૯૧૫ થી હાથવણાટની શુદ્ધ ખાદી નિર્માણની પ્રક્રિયાના શ્રી ગણેશ થયા હતા તેમ કહી શકાય. અહીં રામજીભાઇ બઢિયા અને તેમના પરિવાર દ્વારા ખાદીના પુનર્જન્મમાં,આઝાદીની લડતમાં તેમજ ગાંધીજીના સેવક અને વણાટગુરૂ,તરીકેની પ્રવૃતિને રજૂ કરવામાં આવી છે.

## જન્મ અને પ્રારંભિક જીવન

શ્રી જુગતરામ દવેએ જેમને ગાંધીજીના વણાટગુરુની ઉપાધિથી નવાજ્યા છે એવા શ્રી રામજીભાઇ બઢિયાનો જન્મ ઇ.સ ૧૮૮૦માં અમરેલી જિલ્લાના લાઠી મુકામે થયો હતો. રામજીભાઇને ખાદી વણાટનું કૌશલ પરિવાર તરફથી વારસામાં મડયુ હતું. બાળપણથી

રામજીભાઇ તેમના પિતાને વણાટકામમાં મદદ કરતાં કરતાં પોતે પણ પારંગતા મેળવી લીધી હતી. પરંતુ એ નાનકડા લાઠી ગામમાં આવા કુશળ કારીગરની કદર કેટલી થાય ? અને પોતાના પરિવારના ભરણ પોષણ ની જવાબદારી પણ તેમના માથે હોવાથી રામજીભાઇ લાઠી છોડીને મુંબઈમાં સ્થાયી થયા હતા. આ સમય ૧૯૧૬ -૧૭નો એટલે ભારતમાં મહાત્મા ગાંધીના આગમનથી સ્વદેશી આંદોલને સારી એવી પ્રગતિ કરી લીધી હતી. આ અરસામાં સ્વદેશી માલની અને તેમાય ખાસ કરીને સ્વદેશી કાપડનો વધારે વપરાશ અને વિદેશી માલનો સંપૂર્ણ બહિષ્કાર ચાલતો હતો. મહાત્મા ગાંધીના નેતૃત્વ નીચે મુંબઈમાં એક સભા યોજાઇ હતી તેમાં સામંતભાઇ મારવાડી અને રામજીભાઇ બઢિયા હાજર રહ્યા હતા જેમાં બાપુએ સ્વદેશીમાલ અપનાવવા માટે લોકોને અપીલ કરી હતી. આથી રામજીભાઈને બાપુ ને મળવાની ઈચ્છા જાગી પરંતુ સભામાં ભીડ વધારે હોવાથી તેઓ મુંબઈની સર્વેંટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીના મકાનમાં રોકાયેલા બાપુના ઉતારે મળવા ગયા હતા. સામંતભાઇએ બાપુને રામજીભાઇની ઓળખાણ કરાવી અને રામજીભાઇ વણાટ કામના ઉત્તમ કારીગર છે તેવું પણ જણાવ્યુ આ જાણી બાપુને આનંદ થયો અને રામજીભાઇ ને આજ્ઞા કરી કે "વતનમાં જાઓ અને વણાટકામ કરો" બસ આ ગુરુમંત્ર લઈને રામજીભાઇ પાછા લાઠી આવીને વસ્યા, અને ખાદી વણાટનો વ્યવસાય કરવા લાગ્યા આમને આમ ત્રણ વર્ષ વીતી ગયા હતા. તેવામાં સામંતભાઇ મારવાડીનો પત્ર આવ્યો તેમાં જણાવ્યુ હતું કે "ગાધીજી રેલમાર્ગે અમરેલી જવાના છે અને રસ્તામાં લાઠીના સ્ટેશનેથી પસાર થવાના છે અને તેઓ આશ્રમના સૂતરના વણાટકામ અંગે તમોને મળવા માંગે છે. માટે લાઠીના સ્ટેશને મળવા જજો તેવો બાપુનો ખાસ આગ્રહ છે.[૧]" રામજીભાઇ ગાંધીજીને મળવા ગયા ગાંધીજી સાથે છોટાલાલ જૈન અને નરહરિભાઈ પરીખ હતા તેમાં છોટાલાલ જૈન વણાટકામ જાણતા હતા. અને આશ્રમનું ખાદીનું કામ સંભાળતા હતા. બાપુને જોવા ખૂબ ભીડ જમા થયેલી તેથી રામજીભાઇ ગાડીના બીજા ડબ્બામાં ચઢી ગયા અને ચીતળ ગામે ગાડી ઊભી રહેતાં રામજીભાઇ બાપુને મળવા તેમના ડબ્બામાં ગયા, ચીતળ ગામના મહાજનો બાપુને દૂધ પીવડાવવા આવ્યા હતા. બાપુને દૂધનો પ્યાલો આપતાંજ બાપુએ તે પ્યાલો રામજીભાઈને ધર્યો.રામજીભાઇ સહેજ અચકાયા અને એક ડગલું પાછા ખસ્યા, લે રામજી ! બાપુને આમ આગ્રહ કરતાં જોઈને સૌની નજર તરવરિયા યુવાન એવા રામજીભાઇ ઉપર પડી અને નવાઈ ભરી નજરે સૌ મનમાં કલ્પનાના ઘોડા દોડાવા લાગ્યા,દૂધનો પ્યાલો સ્વીકારવા સિવાય બિજો કોઈ વિકલ્પ ન હતો. રામજીભાઇ એકજ શ્વાસે દૂધ પી ગયા મહાજનોમાં થોડો ગણગણાટ શરૂ થયો અને તર્ક વિતર્ક વચ્ચે રામજીભાઈની ઓળખ છતી થવા લાગી. પછી રામજીભાઈએ બાપુને નિખાલસ ભાવે કહ્યું કે મે ટ્રેનની ટિકિટ લીધી નથી બાપુ કહે કેમ ? બાપુ અમ હરિજનોને ટિકિટબારી પરથી ટિકિટ નથી આપતા અમારે કોઈ મુસલમાનભાઈને કહી ટિકિટ મંગાવવી પડે છે. પણ આજે તો સ્ટેશન પર ખૂબ ગિરદી હતી અને આપનો સંદેશો હતો એટલે હું તો વાડ કૂદીને ટ્રેનમાં ચઢી ગયો હતો. બાપુએ કહ્યું ટ્રેનમાં વગર ટિકિટે મુસાફરી ન કરાય બાપુએ મહાજનને કહી અમરેલી સુધીની ટિકિટ મંગાવી લીધી. ટ્રેન ઉપડી અને પછી બાપુએ આશ્રમમાં પડેલા હાથે કાંતેલા સૂતરને વણી શકાય કે નહીં તે અંગે રામજીભાઈને પૂછતાં રામજીભાઈએ હરખથી કહ્યું કે વણી શકાય અને બાપુએ તેમને આશ્રમનું સૂતર વણી આપવા માટે કહ્યું. અમદાવાદથી સૂતર ટ્રેન દ્વારા લાઠી મોકલવામાં આવ્યું જેને રામજી ભાઈએ પોતાના કસબથી

સુધારીને કાપડ તૈયાર કર્યું અને તે કાપડને વેચી આપી જે પૈસા મળ્યા તે આશ્રમમાં મોકલી આપ્યા. ગાંધીજી રામજીભાઈના આ કાર્યથી ખૂબ ખુશ થયા હતા. મગનલાલ ગાંધીએ ખુશ થઈને ચાંદીનો ચાંદ રામજીભાઈને ભેટ આપ્યો હતો.[૨]

જાડી ખાદીની મૂંજવણ: સાબરમતી આશ્રમના વિદ્યાર્થીઓએ કાંતેલું લગભગ ૫૦ મણ જેટલું સૂતર રામજીભાઈએ વણી આપ્યું હતું, પરંતુ આ કાપડ પ્રમાણમાં ઘણું જાડું હોવાના કારણે કોઈ ખરીદતું નહીં. જ્યારે રામજીભાઇ આશ્રમે આવ્યા ત્યારે ગાંધીજી અને મગનભાઇએ વાત કરી કે " આ જાડી ખાદી કોઈ ખરીદતું નથી તો રામજીભાઇ આનું શું કરીશું ? " ત્યારે રામજીભાઇ આ જાડી ખાદીને વેચી આપવા તૈયાર થયા અને સૌરાષ્ટ્રના ગામડાઓમાં વેચી આપી. સૌરાષ્ટ્રમાં ખેડૂતો જાડી ખાદીથી ઘાસચારો બાંધતા એટલે રામજીભાઈએ ત્યાં વેચી આપી. અને પૈસા આપવા આશ્રમે આવ્યા મગનભાઇએ ખાદી વેચી આપવા બદલ રામજીભાઈને કેટલું કમિશન આપવું તેમ ગાંધીજીને પુછ્યું તો ગાંધીજી ગંભીર થઈને બોલ્યા "મગનલાલ તમારે રામજીને જુવારનો રોટલો અને મરચું ખાતો રાખવો છે કોઈ તે સૂતરને હાથમાં નોહતું લેતું તે રામજીએ ઉત્તમ પ્રકારનું કરીને વણી આપ્યું છે. તે તમે વેચી ના શક્યા તે રામજીએ ગામડે ગામડે ફરીને વેચી આપ્યું અને બધા પૈસા લાવી તમારા હાથમાં આપ્યા તે બધો નફો અને પગાર રામજીને આપવાનો છે" બાપુની આવી વાત સાંભળી રામજીભાઇ મૂંઝવણમાં મૂકાયા કે આતો મગનભાઇ સાથે કાયમ કામ કરવાનું અને વિરોધ થશે, આથી રામજીભાઈએ બાપુને કહ્યું કે મારી ગાડીનો સમય થઈ ગયો છે તેવું બહાનું બતાવ્યુ અને કહ્યું કે હાલ મને ફક્ત ૪૦ રૂપિયા આપો મારે ગાડીએ બેસીને લાઠી જવાનું છે. રામજીભાઇ નિકડી ગયા પણ બાપુએ બધા પૈસા રામજીભાઈના ખાતામાં જમા કરવા મગનભાઇ ને કહ્યું અને જ્યારે તેમને પૈસાની જરૂર હોય ત્યારે આપવાનું કહ્યું.આમ રામજીભાઇ એક ઉત્તમ વણકર હતા જેમણે કોઈ હાથમાં પણ ના પકડે તેવા સૂતર ને સુંદર કાપડમાં ફેરવી દીધું અને બાપુની મૂંઝવણ દૂર કરી હતી.[૩]

સાબરમતી આશ્રમના આજીવન નિવાસી: ધીમે ધીમે આશ્રમમાં સૂતર કાંતવાની પ્રવૃતિ વેગીલી બની અને સારા પ્રમાણમાં સૂતર બનતું થયું, પણ આશ્રમમાં કોઈ કાયમી વણકર નહતો કેમકે અમદાવાદ કે કોઈ અન્ય જગ્યા ના વણકરો હાથે કાંતેલું જાડું સૂતર વણવાની ના પાડતાં હતા.અને વારંવાર સૂતરને રેલવેમાં લાઠી મોકલવામાં ચોરીનો ભય રહેતો, તેથી બાપુએ રામજીભાઇને આશ્રમમાં તેડાવવા લક્ષ્મીદાસને લાઠી મોકલ્યા હતા. રામજીભાઈને મળી લક્ષ્મીદાસે બાપુનો આદેશ સંભળાવ્યો કે તરતજ જેમ મુંબઈથી લાઠી આવ્યા હતા તેમ બાપુના આદેશનું પાલન કરતાં પોતાના કુટુંબ સાથે સાળ અને કાંટલા લઈ લાઠીથી અમદાવાદ આશ્રમમાં પોંહચ્યા. રામજીભાઇના કુટુંબમાં પોતે રામજીભાઇ તેમની બે પત્નીઓ ગંગાબહેન અને મેઘીબહેન, ગંગાબહેનને સંતાન સુખ ન હોવાથી રામજીભાઇએ તેમની મંજૂરી મેળવી, મેઘી બહેન સાથે લગ્ન કર્યા હતા.તેમનાથી રામજીભાઇને સૌથી મોટો દીકરો અર્જુનભાઈ, હરખજીભાઇ અને ત્રીજો દીકરો જેઠાલાલ,દીકરીઓમાં સૌથી મોટી દીકરી મોતીબહેન અને પાંચમું સંતાન વજુબહેન હતા.આમ પોતાના વિશાળ કુટુંબ સાથે રામજીભાઇ આશ્રમમાં રહેતા થયા અને ત્યારથી આશ્રમમાં સાળનો રણકાર ગુંજતો થયો.[૪]

રામજીભાઇ અને ગાંધીબાપુ:તા-૦૪/૦૪/૧૯૨૫ના રોજ ગાંધીજી પોતાના સૌરાષ્ટ્ર પ્રવાસ દરમિયાન લાઠી મુકામે ગયા હતા,ત્યાં સૌપ્રથમ તેમણે અંત્યજવાડની મુલાકાત કરી તો ત્યાં

તેમની સમક્ષ ત્યાના અંત્યજોએ પોતાના માટે એક મંદિર બનાવી આપવાની માંગ ગાંધીજી આગળ મૂકી તો ગાંધીજીએ "ક્લાપીનું લાઠી તે રામજીભાઈનું લાઠી કેમ થઈ પડ્યું તેનો દાખલો બેસાડી સમજાવ્યું કે શા સારું ? રામજીભાઇમા કઈ હીરા જડેલા છે ? પણ હાથનું સૂતર વણવાની સૌએ ના પાડેલી ત્યારે એમણે પહેલ કરી અને એ અને ગંગાબહેન નીકળી પડ્યા એમાં એમણે શું ખોયું? આજે એમને આખું ગુજરાત ઓળખે છે. ને એતો ઢેડ છતાં કાશીવિશ્વનાથમાં જઈને વણાટ શીખવી આવ્યા,એમને પૂનામાં પણ મળવા આવી શકેલા એટલી એમની પ્રતિષ્ઠા કેવળ એક ટેક હાથનું કાંતેલું સૂતર વણવાની ટેક માંથી ઉત્પન થઈ. ગંગાબાઇ તો એમના ધણીના કરતાં પણ સરસ વણનારી એ અંત્યજ છે છતાં હું એને પુજુ છું કારણ એ પીઢ બાઈ પવિત્ર છે અને પ્રતિજ્ઞા પાડનારી છે.[૫]" બાપુ રામજીભાઈના દાખલા દ્વારા લાઠીના અંત્યજોને કઇંક કરી બતાવાની પ્રેરણા આપે છે અને પોતાના દેશ માટે ખપમાં આવવાનું એક સૂચક આમંત્રણ તેમાં જરૂર જણાય છે.

આશ્રમમાં અને અન્ય કેન્દ્રોએ વણકર,પીંજારા,સુથાર,કડિયા,વગેરેને લઈ આવવાનું કામ પણ બાપુની ઇચ્છા પ્રમાણે રામજીભાઇ કરતાં હતા. શરૂઆતમાં આશ્રમમાં ટૂંકા પનાની ખાદી વણાતી હતી. ગાંધીજીને મોટા પનાની ખાદી ન મળતાં તેમને 30 ઇંચ પનાની ખાદીનું ધોતિયું પહેરવું પડતું હતું. એક દિવસ બાપુએ રામજીભાઈના પત્ની ગંગાબહેનને ૪૫ ઇંચની મોટા પનાની ખાદી તૈયાર કરવા કહ્યું. ગંગાબહેન અને રામજીભાઈએ માત્ર એકજ મહિનામાં અવિરત મહેનતથી ૫૦ ઇંચની પનાવાડી ખાદી વણી બાપુને આપી ત્યારથી બાપુને અડધિયું પહેરવાનું બંધ થયું અને બાપુનું દારિદ્ર ફિટાડયું.[૬]

બાપુએ પોતાની આત્મકથામાં ગંગાબહેન માટે કહ્યું છે કે "ખાદી પ્રચારમાં આ દંપતીનો હિસ્સો જેવો તેવો ન કહેવાય તેમણે ગુજરાત અને ગુજરાતની બહાર હાથસૂતર વણવાનો કસબ બીજાઓને શીખવ્યો છે. આ નિરક્ષર પણ સંસ્કારી બહેન જ્યારે સાળ ચલાવે છે ત્યારે તેમાં એટલા તલ્લીન થઈ જાય છે કે આમતેમ જોવાની કે કોઇની સાથે વાત કરવાની ફુરસદ પોતાની સારૂં રાખતા નથી. " બાપુએ આ દંપતીની તેમની આત્મકથા અને પત્રોમાં ખૂબ પ્રસંસા કરી છે.[૭] રામજીભાઇ અને ગંગાબહેન ગુજરાતની બહાર અને ગુજરાતના કેટલાક અંતરિયાળ વિસ્તારો જેવા કે રામેસરામાં પણ ખાદી વણાટના પાઠો શિખવ્યા હતા અને ત્યાના પાટીદારોને વણાટની તાલીમ આપી હતી.[૮]

બાપુએ ઘણીવાર વાતચીતમાં અને પોતાના ભાષણોમાં ગંગાબહેન રામજીભાઇ બઢિયાનો ઉલ્લેખ કર્યો છે તેને મહાદેવભાઇ દેસાઇએ તેમની ડાયરીમાં નોંધ્યા છે. તેમાનો એક પ્રસંગ અહી પ્રસ્તુત કર્યો છે " આશ્રમના નિયમ મુજબ નિયમિત કાંતણ ચાલતું હતું. ત્યાં ગાંધીના મિત્ર કેશવરાવ દેશપાંડે વિદ્યાર્થીઓને નીચે બેસાડી ઉપર બાપુ પાસે આવેલા તેમની સાથે ગુજરાત પ્રાંતિક પરિષદના પ્રમુખ સ્થાનની વાતો ચાલતી તેમાં કેવા માણસને નિમિએ તેની વાત નીકળી ગાંધીજીએ કહ્યું સ્ત્રીઓની સભા હોય ત્યાં કદાચ શ્રીમતી જાઈજી પીટીટ જેવી ભારે સંસ્કારી અને સુશિક્ષિત બહેન મળે તો હું તેમને પ્રમુખ નીમુ નહિતો ખાદીનું કામ કરનાર સૂરજબહેનને, નહિ તો કસ્તૂરબાનું નામ હું જરૂર સૂચવું, પણ બીજી કોઈ બહુ ભણેલી હોય છતાં કામમાં કસોય રસ ન લેતી હોય તેનું નામ હું ન સૂચવું. આ વાતથી સરસ કામ કરનારની વાતો પર ચઢ્યા અને બાપુના મોઢે પહેલું નામ એક અંત્યજ બહેનનું, ગંગાબહેનનું આવ્યું તેમના ગુણગાન તો તેઓ આવી રીતે અનેક મિત્રો આગડ કરી ચૂક્યા છે એટલે હું જાહેર કરૂં તો ક્ષમ્ય

ગણાશે " જે દિવસથી તે આશ્રમમાં આવ્યા છે તે દિવસથી એના જેવી પોતાના કાર્યમાં તલ્લીન બાઈ એકેય નથી જોઈ એતો યોગિની છે એમ કહું તો ચાલે,ચોવીસે કલાક એને વણાટનોજ રંગ એ સિવાય બીજી વાત એને ગમતી નથી, એ સારી પેઠે કમાઈ શકે એમ છે, પણ કમાવાની એને તમન્ના નથી. છ ફૂટ ઊંચી એ ગંગાબાઇ જેવી પ્રૌઢ લાગે છે તેવી બીજી બહું ઓછી લાગતી હશે. તેની પાસે હું ઊભો હોઉ તો તેનો છોકરો લાગુ છતાં તે લોઢાં જેવી છે અને આટલું કામ કરતા છતાં તેને કાઇ અભિમાન ન મળે પોતાની મર્યાદા સરસ રીતે સમજે છે. અહી આવ્યા હોય અને કહું કે ખુરસી પર બેસો તો કદી ન બેસે એક નાનકડો ખૂણો જોઈને કોઈ ના જુએ એવી રીતે તે બેસી જવાના, એનો જન્મ તો ધન્ય છે, જેવુ નામ છે તેવું તેનું કામ છે. આમ ગંગા બહેનના ગુણ ગાતા ગાતા કાંતવાનું સમાપ્ત થયું."[૯] તા-૧૩/૦૨/૧૯૨૭ના રોજ ગાંધીજીએ મહારાષ્ટ્રની એક સભામાં પોતાના ભાષણમાં ગંગાબહેનના વખાણ કરતાં કહ્યું હતું કે " ગુજરાતી સ્ત્રીઓ ભડ છે મણીબહેન, અનસૂયા બહેન, ગંગાબહેન બધિઓ પહાડ જેવી ભડ છે પેલી બેનાં ઉપરતો કોઈ કૂદ્રષ્ટિ કરે પણ ગંગાબહેન તો ભડ છે એતો ધણીને પણ ધમકાવે એવી છે એનો ધણી તો વાતોડિઓ છે તમારા તો વાસાં વડી જાય પણ ગંગાબહેન તો આઠ કલાક વણી શકે છે અને મહિને ૭૪-૮૦ રૂપિયા કમાય છે ગુજરાત પાસે ખાદી પહેરાવવી એતો લોઢાના ચણા ચાવવા જેવી વાત છે હું તો માંગુ છું કે તમે એમની સાદાઈને અપનાવો ખાદી પહેરતી થઈ જાવ અને સિંહણ થઈ જાવ પછી કોઈના ભાર છે ખરા કે પુરુષ બીજી સ્ત્રી ઉપર કુદ્રષ્ટિ કરે. આમ બાપુ ગંગાબહેનમાં એક વીરાંગના જોતાં અને તેમને ગંગાબહેનની ખાદી વણાટની કાર્યકુશળતામાં મહેનતુ સ્ત્રીના દર્શન થતાં.[૧૦] ગાંધીજીના પુત્ર રામદાસના ભાવિ પત્ની નિર્મલાને આદર્શ દંપતી કેવું હોય એ સમજાવતા પત્રમાં બાપુએ રામજીભાઇ અને ગંગાબહેનને આદર્શ દંપતી કહ્યા છે. તેઓ પોતાની પુત્રવધૂને તેમનું જીવન સેવામાં જોડવા અને માત્ર જીવનનિર્વાહ પુરતી આજીવિકા મેળવવા કહે છે. અને તેની સામે રામજીભાઇ બઢિયાનો દાખલો પોતાના પત્રમાં ટાંકે છે.[૧૧]

બઢિયા પરિવાર અને આઝાદીની લડત: ૧૯૩૦માં ગાંધીજીએ સવિનયભંગની લડત શરૂ કરવાનું ઠરાવ્યું અને તેની માટે અમદાવાદથી દાંડી સુધીની દાંડીયાત્રાનો ઠરાવ કર્યો, જેમાં માત્ર અહિંસાના આગ્રહી અને ધીરજવાન,ચારિત્રવાન અનુયાયીઓની પસંદગી બાપુ દ્વારા થવાની હતી. તેમાં બઢિયા પરિવાર માથી રામજીભાઇ બઢિયા,અર્જુનભાઈ,હરખજીભાઇ,અને જમાઈ રતનાજી બોસિયાએ પોતાના નામો લખાવ્યા હતા.[૧૨] પરંતુ બાપુએ જ્યારે યાદીની ચકાસણી કરી ત્યારે રામજીભાઈના કુટુંબના ચાર નામો જોઈને બાપુએ તેમાથી અર્જુનભાઈનું નામ કમી કરીને દાંડીકૂચને લગતી પ્રવૃતિ આશ્રમમાં રહીને કરવાનું કહ્યું. તેમાં દાંડીકૂચના ગુપ્ત સંદેશાનો પત્ર વ્યવહાર,સભાઓની પત્રિકાઓ વહેચવી,બહાર રહિને ભૂગર્ભમાં પ્રવૃતિ કરવા તથા આશ્રમમાં રહીને ઘરનું ધ્યાન રાખવાનો આદેશ બાપુએ આપ્યો હતો. ગાંધીજીએ અર્જુનભાઈને જુગતરામ દવે,છગનલાલ જોષી,શંકરલાલ બેન્કર અને અનસૂયાબેન સાથે બારડોલી,સરભાણ તથા સુરતની આજુબાજુના ગામડાઓમાં ભારતની આઝાદીની ચળવળને વેગ મળે તે માટે પ્રચારમાં મોકલેલા. હરખજીભાઇ રામજીભાઇ બઢિયા માત્ર ૨૦ વર્ષની નાની વયે દાંડીકૂચમાં જોડાયા હતા.તેમણે દાંડીકૂચમાં અને ધરાસણા સત્યાગ્રહમાં મહત્વની કામગીરી કરી હતી અને અંગ્રેજો દ્વારા સ્વાતંત્ર્ય સૈનિકો પર કરાયેલા જુલમને સહયો હતો.અંતે તેમની ધરપકડ થઈ હતી અને

જેલવાસ ભોગવ્યો હતો. ત્યારબાદ ભારત છોડો આંદોલનમાં પણ તેઓ સક્રિય રહ્યા હતા. સાથે તેમના મોટાભાઈ જેઠાલાલ રામજીભાઇ બઢિયા મજૂર મહાજન સંઘ તરફથી ભારત છોડો આંદોલનમાં જોડાયા હતા. આઝાદીબાદ બઢિયા પરિવારના સભ્યો આશ્રમમાં રહીને રેંટિયા,સાળ,અંબર ચરખા,કપાસ લોઢવાના વગેરે સાધનોનું ઉત્પાદન કરતાં હતા.[13] બઢિયા પરિવાર આજે પણ ગાંધીમય, સાદું અને સદાચારી જીવન જીવે છે આમ રામજીભાઇ દ્વારા શરૂ થયેલી ખાદીપ્રચાર યાત્રા આજે પણ અવિરત પણે ચાલી રહી છે.અને ભવિષ્યમાં પણ તે વધુ વિકાસ પામસે તેવું પ્રતીત થાય છે.

**સમાપન:** પ્રસ્તુત સંશોધનપત્ર એ સબલ્ટર્ન શાખાના વિષય તરીકે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં હજારો વર્ષોથી હાંસિયામાં કરી દેવાયેલ મૂળપ્રજાના ઈતિહાસને ઉજાગર કરવાનો પ્રયાસ છે. જેમાં અનુસુચિત જાતિના લોકો દ્વારા દેશની સ્વતંત્રતા અને પોતાના વારસાના જતન માટે કરવામાં આવેલ પ્રયત્નોને વાચા આપવામાં આવી છે. બઢિયા પરિવારે આઝાદીની લડતમાં ગાંધીજીને જે મદદ કરી હતી અને તેના દ્વારા ખાદીને નવો જન્મ મળ્યો એ ઇતિહાસની એક વિરલ ઘટના ગણાવી શકાય કેમ કે ૧૯ મી સદીની શરૂઆતથી સુતરાઉ કાપડનો હાથવણાટનો ઉદ્યોગ લુપ્ત થવાના આરે હતો અને ૨૦ મી સદીની શરૂઆત સુધીમાં તે મોટા ભાગે ગૃહઉદ્યોગ માથી ઔદ્યોગિક ઉત્પાદનમાં પરીવર્તન પામ્યો હતો ,જે રામજીભાઇ જેવા કુશળ કારીગરોના કારણે પુનરજીવિત થયો હતો અને આજે પણ સચવાય રહેલો છે સૂતરાઉ કાપડ એ ભારતની ઓળખ છે અને તેને જાળવી રાખવી દરેક ભારતીયોની ફરજ છે.

**"ખાદી વસ્ત્ર નહીં વિચાર છે" - મહાત્મા ગાંધી**

પાદનોંધ:

૧.બઢિયા જનેશભાઇ,ખાદીવણાટના કર્મશીલ,પ્રકાશક,જનેશ બઢિયા,અમદાવાદ, પ્રથમ આવૃતિ,૨૦૧૧,પૃ-૦૧

૨.એજન,પૃ ૦૫

૩.એજન,પૃ ૦૬

૪.બઢીયા જનેશભાઈની રૂબરૂ મુલાકાત,તા: ૦૮/૦૪/૨૦૧૫

૫.દેસાઇ મહાદેવભાઇ,મહાદેવભાઈની ડાયરી પુસ્તક સાતમું,સંપાદક,ચંદુલાલ ભગુભાઈ દલાલ,પ્રકાશક, સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ,અમદાવાદ,પ્રથમ આવૃતિ,૧૯૬૫:પૃ ૩૨૮-૨૯

૬.ગાંધી મોહનદાસ કરમચંદ,સત્યના પ્રયોગો અથવા આત્મકથા,પ્રકાશક,નવજીવન પ્રકાશન મંદિર.અમદાવાદ,પ્રથમ આવૃતિ,૧૯૨૭,પૃ.૪૭૭

૭.એજન,પૃ ૪૭૭

૮.દેસાઇ મહાદેવભાઇ,મહાદેવભાઈની ડાયરી પુસ્તક નવમું,સંપાદક,ચંદુલાલ ભગુભાઈ દલાલ,પ્રકાશક,સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ,અમદાવાદ,પ્રથમ આવૃતિ,૧૯૬૮,પૃ ૬૯

૯.દેસાઇ મહાદેવભાઇ,મહાદેવભાઈની ડાયરી પુસ્તક છઠ્ઠું,સંપાદક,પરિખ નરહરિ દ્વા.,પ્રકાશક,સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ,અમદાવાદ,૧૯૬૪,પૃ ૮૬-૮૭

૧૦.દેસાઇ મહાદેવભાઇ,મહાદેવભાઈની ડાયરી પુસ્તક દશમું,અમદાવાદ,સંપાદક,ચંદુલાલ ભગુભાઈ દલાલ,પ્રકાશક,સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ,અમદાવાદ,પ્રથમ આવૃતિ,૧૯૬૮ પૃ ૬૯

૧૧.એજન પૃ ,૩૪૫

૧૨. દેસાઇ મહાદેવભાઇ, મહાદેવભાઈની ડાયરી પુસ્તક તેરમું,સંપાદક,ચંદુલાલ ભગુભાઈ દલાલ, પ્રકાશક,સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ,અમદાવાદ,પ્રથમ આવૃતિ ૧૯૭૨,પૃ ૨૪૪

૧૩. ઉપરોક્ત ગ્રંથ ૦૧,પૃ ૪૪-૪૬